આજે સેક્ટર-૨૧માં પક્ષીઓ માટેના કુંડાનું વિતરણ યોજાશે

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સેવા કાર્યમાં ઠંડી મસાલેદાર છાશનું પણ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગરમાં શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૧૫ વર્ષથી ઉનાળાની ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પાણીની સુવિધા હેતુસર નિઃશુલ્ક પાણીના કુંડાની સેવા આપવામાં આવી રહી છે. ઉનાળાની દેહ દઝાડતી ગરમીમાં માણસો સહિત પશુ અને પક્ષીઓ વ્યાકુળ થઈ ગયા છે ત્યારે આ વર્ષે પણ આગામી તા. ૭મી મે ૨૦૨૩ રવિવારના રોજ પાણીના કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે. આ વિતરણ સેવા ગાંધીનગરના સેક્ટર-૨૧માં ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ગોપાલ ડેરીની બાજુમાં, ડિસ્ટ્રિક્ટ શોપિગ સેન્ટરના પાર્કિંગ ખાતે યોજાશે. આ સાથે ઉનાળાની આકરી ગરમીને અનુલક્ષીને ઠંડી મસાલેદાર છાશના પણ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના તમામ નગરજનોને આ સેવાનો લાભ લેવા અને પક્ષી બચાવો અભિયાનમાં જોડાવા માટે સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે સંસ્થાનો હેલ્પલાઈન નં. ૯૭૨૩૮૩૨૩૮૩ સંપર્ક સાધવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રામ ચેરીટેબલ સંસ્થા રસ્તે રખડતાં બિમાર તથા અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા અબોલ પશુઓની ૨૪૮૭ નિઃશુલ્ક સેવામાં કાર્યરત છે જે માટે સંસ્થાની હેલ્પલાઈન પર સંપર્ક સાધી શકાશે.

સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓ તલાટીના ઉમેદવારોની વ્હારે

બહારગામથી આવનાર તલાટીના ઉમેદવારોને રહેવાની અને જમવાની અગવડન પડે તે માટે વિવિધ સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૬

તલાટીની પરીક્ષા આવતીકાલે યોજાવવાની છે ત્યારે આ પરીક્ષા માટે બહારગામથી આવનારા ઉમેદવારો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ - સમાજના અગ્રણીઓ આગળ આવ્યા છે અને સમાજની વાડીઓ, હોલમાં ઉમેદવારો માટે વ્યવસ્થા ગોઠવી છે.

તલાટીની પરીક્ષા માટે સમગ્ર તંત્ર એલર્ટ બન્યુ છે. ઉમેદવારોને કોઈ તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અધિકારીઓને પણ કામે લગાડવામાં આવ્યા છે. તલાટીની પરીક્ષા માટે ઘણા ઉમેદવારો બહારગામથી આવવવાના છે. દૂરથી આવનારા ઉમેદવારો રાત્રે જ ગાંધીનગર પહોંચી જવાના હોવાથી તેમને રહેવાનો અને જમવાનો પ્રશ્ન ઉભો થશે. આવા સમયે શહેરની કેટલીક સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓએ ઉમેદવારો માટે વિવિધ વ્યવસ્થા ગોઠવી છે. શહેરનાં વિવિધ સમાજના હોલ અને વાડીઓ આવેલી છે. કેટલાક સમાજની હોસ્ટેલ પણ આવેલી છે. જેમાં ઉમેદવારોને રહેવાની અને જમવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પાટીદાર સમાજ, રાજપૂત સમાજ, બ્રહ્મસમાજ જેવા સામાજિક સંગઠનોએ પોતાના ભવન અને વાડીઓમાં ઉમેદવારો માટે રહેવાની વ્યવસ્થા ગોઠવી છે. કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જ્ઞાતિબાધ વિના બધા જ ઉમેદવારો માટે વ્યવસ્થા ગોઠવી છે. વિવિધ સામાજિક સંગઠનો અને સમાજો આગળ આવતા ઉમેદવારોને ખુબ રાહત થઈ ગઈ છે. હોટલ-ગેસ્ટહાઉસના ઉંચા ભાડા ભરવામાંથી ગરીબ ઉમેદવારોને મુક્તિ મળી છે. આ ઉપરાંત કેટલીક સંસ્થાઓ દ્વારા ઉમેદવારો માટે જમવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે જેથી યુવાનો સ્વાસ્થ્યપ્રદ ભોનનો સ્વાદ માણી શકે.

માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી બ્રહ્માકુમારીઝના મુખ્યાલય

આબુ તળેટી સ્થિત શાંતિવન ખાતે ૧૦મે ના રોજ વિશેષ મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૦૬

મહિલાઓ દ્વારા પ્રશાસિત અને સંચાલિત વિશ્વની સૌથી મોટી અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા



બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મુખ્યાલય આબુ તળેટી સ્થિત વિશાળ શાંતિવન ખાતે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ૧૦ મે ના રોજ વિશેષ મુલાકાત લેશે.

એશિયાના સૌથી વિશાળ, પિલરલેસ ડાયમંડ હોલ ખાતે યોજાનાર આધ્યાત્મિક સશક્તિકરણ મહાસંમેલનને માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ૧૦ મે બુધવારના રોજ સંબોધન કરશે.

જેમાં હાલ દેશ વિદેશના ૨૫,૦૦૦ જેટલાં રાજયોગના શિબિરાર્થી ભાગ લઈ રહ્યા છે.

આ સમારંભમાં બાદ શ્રી મોદીજી આબુ તળેટી ખાતે બનાવનાર ૧૬ પ્રકારના દર્દોને નિવારણ માટેની મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનુ ખાત મુહૂર્ત તથા દાદી પ્રકાશમણીજી પાર્કમાં ઓપન થિયેટરમાં અધ્યાત્મ કલર કુવારા સાથેનો લાઈટ સાઉન્ડ- એકવા લેસર શો જે ભારતીય અધ્યાત્મ સંસ્કૃતિ જ્ઞાન મનોરંજન સાથે બતાવશે તેનું ઉદ્ઘાટન કરશે તથા સંસ્થાના મુખ્ય પ્રશાસિકા ૧૦૦ વર્ષીય ડૉ. દાદી રતન મોહિનીજી સાથે આધ્યાત્મ ચર્ચા કરી આશીર્વાદ મેળવશે. બપોરે ૩:૧૫ કલાકે પી.એમ.મોદી શાંતિવન સમારંભમાં આવશે

સેક્ટર-૮ માં ડ્રેનેજ લાઈનમાં ભંગાણ

ડ્રેનેજ લાઈન નાંખ્યા બાદ યોગ્ય રીતે પુરાણ ન કરતા પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયુ : રસ્તા પર પાણી ભરાતા હાલાકી

ગાંધીનગર, તા. ૬

સેક્ટર-૮ માં સ્ટોર્મવૉટર ડ્રેનેજ લાઈન નાંખ્યા બાદ યોગ્ય રીતે પુરાણ ન થતાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયુ છે. જેના કારણે માર્ગ પર પાણીની રેલમછેલ થઈ ગઈ છે. માર્ગ પર ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાતા વસાહતીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં હાલમાં સ્ટોર્મ વૉટર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. જો કે વસાહતીઓની ફરિયાદ છે કે સ્ટોર્મ વૉટર ડ્રેનેજ લાઈન નાંખ્યા બાદ રોડનું યોગ્ય રીતે પુરાણ કરવામાં આવતુ નથી. વળી આડેધડ ખોદકામ કરતા અન્ય પાઈપલાઈનને પણ નુકશાન થાય છે. અન્ડરગ્રાઉન્ડ કેબલ પણ ડેમેજ થાય છે. સેક્ટર-૮ માં થોડાક સમય પહેલાં જ સ્ટોર્મ વૉટર લાઈન નાંખવામાં આવી હતી. તેનું પુરાણ યોગ્ય રીતે કરાયુ ન હતુ. પુરાણ યોગ્ય રીતે ન થતા અને તેના પરથી સતત વાહનોની અવરજવર રહેતા પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયુ છે. જેના કારણે પાણી લીકેજ થઈને રોડ પર વહી રહ્યા છે. રોડ પર પાણી વહેતા અહીં ઠેર ઠેર ખાબોચિયા ભરાયા છે અને કીચડ થયો છે. આસપાસ રહેતા વસાહતીઓને તેના કારણે તકલીફ થઈ રહી છે. આ અંગે વસાહતીઓએ તંત્રને રજૂઆત કરી છે પરંતુ તેનો ઉકેલ આવ્યો નથી.

સરગાસણ ખાતે બહેનો-દિકરીઓ માટે સર્જનાત્મક મહેંદી સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૬

બહેનો - દિકરીઓની કળાશક્તિ બહાર આવે તેના ભાગરૂપે આગામી તા. ૧૪મી મે, રવિવારના દિવસે બપોરે ૩:૦૦ કલાકે સરગાસણ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી સર્જનાત્મક મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

આ સ્પર્ધામાં ૧૫ થી ૩૫ વર્ષ સુધીના બહેનો દિકરીઓ ભાગ લઈ શકશે. મહેંદી સ્પર્ધામાં આયોજક દ્વારા મહેંદી કોન, ટીશ્યુ પેપર અને સર્ટિફિકેટ આપવામાં આવશે. સહભાગી બહેનો - દિકરીઓએ પોતાના મિત્રના હાથ પર મહેંદી દોરવાની રહેશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા નંબરને ઇનામ આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ ૯૧-૮૧૬૦૦ ૬૫૬૨૭૫૨ ફોર્મ ભરીને, રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ જણાવવામાં આવેલ છે.

શાહપુર સર્કલથી લવારપુર માર્ગનું વારંવાર મરામત કામ

ગુણવત્તા વગરના કામથી માર્ગ છાશવારે ખંડિત, ઓવર લોડીંગ ટ્રકોની બેરોકટોક અવરજવર કારણભૂત, ગીફ્ટસીટી પાસેથી પસાર થતો આ માર્ગ આશીર્વાદરૂપ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરનું ગીફ્ટસીટી વિશ્વભરમાં પ્રચલિત બન્યુ છે. આ ગિફ્ટસીટીની નજીકથી જ લવારપુર તરફ જવાનો માર્ગ અનેકવાર તુટ્યો છે અને મરામત થયો છે.

માર્ગના વારંવાર મરામત કામથી વાહનચાલકોમાં ભ્રષ્ટાચારની ગંધ ફેલાઈ છે. ગુણવત્તા વગરના વારંવાર હાથ ધરાતાં કામથી વાહનચાલકો પણ પરેશાન થઈ ઉઠ્યા છે. જો કે આ માર્ગ ઉપરથી બેરોકટોક ઓવરલોડીંગ વાહનો પસાર થઈ રહ્યા છે જે પણ આ માર્ગની દુર્દશા માટે જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યુ છે.

ગાંધીનગરના દક્ષિણ છેડે જબરજસ્ત વિકસિત પામેલા વિસ્તારમાં પરિવહન સરળ બને તે માટે ગીફ્ટસીટી તરફ અને બીજી બાજુ લવારપુર તરફ જવા માર્ગ બનાવ્યા છે.

જેમાં લવારપુર તરફ જવાનો માર્ગ વારંવાર તુટી જાય છે અને સમયાંતરે મરામત પણ થાય છે. પરંતુ ગુણવત્તા વગરના ટકાઉ માર્ગ બનાવવાની જગ્યાએ ફક્ત થીંગડા મારી સંતોષ વ્યક્ત કરતા તંત્ર વિરૂદ્ધ ફીટકાર ઉભો થયો છે.

અને ભ્રષ્ટ્રાચારને પ્રોત્સાહિત કરાંતો હોવાની ચર્ચાઓ વાહનચાલકો કરી રહ્યા છે. આ માર્ગ ઉપરથી ગાંધીનગર શહેર, અમદાવાદ, કડી, કલોલ તરફ જતાં ઓવરલોડીંગ ટ્રકો માર્ગની ક્ષમતા કરતાં વધુ ભાર વહન કરી પસાર થતાં આ સ્થિતિ ઉભી થઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. કપચી ભરી જતાં ટ્રકોમાં ખુબજ વધુ પડતા ભાર લઈ બેરોકટોક હમા સીસ્ટમથી હેમખેમ પસાર થાય તે લોકોને આશ્ચર્ય પમાડે છે. વધુમાં આ માર્ગ ઉપરથી ચિલોડા અને અમદાવાદ તરફ દૈનિક અસંખ્ય વાહનચાલકો પસાર થઈ રહ્યા છે અને માર્ગ ખખડધડ થઈ ગયો હોવાથી નિસાસા નાખી રહ્યા છે. વાહનો ખોટકાવા કે ધક્કા મારવા જેવી સ્થિતિનું નિર્માણ અહીં જોવા મળી રહ્યુ છે. ગીફ્ટસીટી જેવી વિશ્વભરની નામાંકિત ધંધાકીય પ્રવૃતિ ધરાવતી વસાહતની પાસેના માર્ગ પ્રત્યે તંત્રનું બેધ્યાન વિકાસના કાર્યોમાં અવરોધ પેદા કરી રહ્યુ છે. ત્યારે તંત્ર આ માર્ગને વધુ ક્ષમતાવાળો અને નિયંત્રીત વાહનની અવરજવરવાળો ગુણવત્તાસભર બનાવે તેવી માંગ પ્રબળ બની છે.

બેંક ઓફ ઈન્ડિયાનો ચોખ્ખો નફો બમણાં કરતાં વધુ વધીને ૧,૩૫૦ કરોડ

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગર ખાતે બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ કાર્યાલયની આખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર બેંકે તા. ૬ મેના રોજ માર્ચમાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં સ્ટેન્ડઅલોન ચોખ્ખા નફામાં ૧૨૩ ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૬૦૬ કરોડથી બમણાં કરતાં પણ વધુ વધીને ૧,૩૫૦ કરોડ થયો હતો.

ગત ક્વાર્ટર માટે ચોખ્ખી વ્યાજ આવક (NII) એક વર્ષ અગાઉના ક્વાર્ટરમાં ૩,૯૮૭ કરોડથી વધીને ૫,૪૯૩ કરોડ થઈ હતી, એમ બેંક ઓફ ઈન્ડિયાએ પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું. ગ્લોબલ નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) માર્ચ ૨૨માં ૨.૫૬ ટકાથી વધીને માર્ચ ૨૩માં ૩.૧૫ ટકા થયું હતું.

NIM (ડોમેસ્ટિક) પણ માર્ચ'૨૨માં ૨.૯૦ ટકાથી વધીને માર્ચ'૨૩માં ૩.૫૯ ટકા થઈ ગયું હતું, એમ રાજ્ય સંચાલિત ધિરાણકર્તાએ ઉમેર્યું હતું. રિટર્ન ઓન એસેટ્સ (RoA) ૦.૩૦ ટકાથી ૦.૬૩ ટકા જ્યારે રિટર્ન ઓન ઈક્વિટી (RoE) ૩૪F૨૨માં ૬.૬૪ ટકાથી સુધરીને ૧૩.૫૨ ટકા થયું છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીની વાતોની ૧૧૭ મી જયંતીની ઉજવણી ઉલ્લાસભેર કરી હતી.

વાહનની પંસદગીના નંબરોની ઓનલાઈન ઓક્શન કરાશે

ગાંધીનગર, તા.૦૬

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અત્રેની કચેરીમાં એઆરટીઓ ગાંધીનગર કચેરી (ટુ વ્હિલરની જુની સિરીઝ GJ-18-DQ,GJ-18-DR,GJ-18-DS તેમજ ફોર વ્હીલર કારની જુની સિરિઝ GJ-18-BQ,GJ-18-BR,GJ-18-BS,GJ-18-EA તેમજ ટ્રાન્સપોર્ટ વાહનોની જુની સિરીઝ GJ-18-BV નુ રિઓક્શન શરૂ કરવામાં આવનાર છે. આથી પસંદગીના નંબરો માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર ક્રમાંક એમવીપી/૧૪૬૨૦૧૨-૯૮/ભાગ-૧/૬૧૩૧,તા-૧૭-૦૮-૨૦૧૫ ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.આ પરિપત્રની સૂચનાઓ જેવી કે, ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ, રજીસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રિતે યથાવત રાખી વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી સરકાશ્રીએ વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે મે.વાહન વ્યવહાર કમિશ્નરશ્રીના પરિપત્ર નંઆઈટી/પસંદગી નંબર/ONLINE AUCTION/7421, તાઃ ૧૨/૧૦/૨૦૧૭ ની સુચના ONLINE AUCTION થી કરવાનું નક્કી કરેલ છે. ઓનલાઈન ઓક્શનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. એટલે કે, અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે.આ ઉમેરો રૂ/- ૧૦૦૦ ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESSES જેમ એક જ વખત BIDD PROCESSES કરી શકશે નહી ઈ-હરાજી પ્રક્રિયા રજીસ્ટ્રેશન શરૂ થયા તા.૧૨/૦૫/૨૦૨૩,સમય 04:00:00 PM રજીસ્ટ્રેશન પુર્ણ થયા તા.૧૬/૦૫/૨૦૨૩, સમય ૦૩:૫૯:59 PM , હરાજી શરૂ થયા તા.૧૬/૦૫/૨૦૨૩, સમય ૦૪:૦૦:૦૦ PM, હરાજી પુર્ણ થયા તા. ૧૮/૦૫/૨૦૨૩, સમય 04:00:00 PM રહેશે. ઓનલાઈન ઓક્શનમાં ભાગ લેનારની જવાબદારીઓ મા ભાગરૂપે અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે.આ માટે http:/ parivahan.gov.in/ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવો.તેમજ સદર વેબસાઈટ પર લોગઈન કરીને વાહન ખરીદીના દિવસ- ૭ ની અંદર ઓનલાઈન સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે.હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો. આ માટેની વિગતવાર સૂચનાઓ APPENDIX-A ઉપર આપેલ છે. (જે કચેરીના નોટીસ બોર્ડ અને રજીસ્ટ્રેશન શાખામાં રૂબરૂ જોવા મળશે.) અરજદારે હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવાના રહેશે. કચેરીના નોટીસ બોર્ડ અને રજીસ્ટ્રેશન શાખામાં રૂબરૂ જોવા મળશે.) અરજદારે હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવાના રહેશે. ઓનલાઈન ઓક્શનમાં દરમ્યાન અરજદારે આર.બી.આઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચુકવવાનો રહેશે. સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી Base price price ચુકવવાની રહેશે

આજે "સાબરમતી કોલિંગ" : પ્રકૃતિ પ્રેમી યુવાનોનું સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા આવતીકાલે તા.૭મી મે રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતાં આ ગૃપના યુવાનોએ ગત સપ્તાહે "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન શરુ કર્યુ હતું અને તેમના આ અભિયાનને "આપણું એક પગલું પ્રકૃતિ માટે" કહીને અન્યોને પણ જોડાવા માટે હાકલ કરી છે. જે કોઈને આ કાર્યમાં રસ પડે તેને સ્વૈચ્છિક રીતે જોડાઈ જવા તેમણે સોશિયલ મિડીયા થકી હાકલ કરી છે. યુવાનોએ જોડાવા માંગતા જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

રામકથાનો લાભ લેવા પ્રાથમિક શિક્ષક સંઘની યુવાનો-તરૂણોને જાહેર અપીલ

ગાંધીનગર, તા.૦૬

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય માલધારી સમાજના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં ગિફ્ટ સીટી પાસે વલાદ ગામ ખાતે પૂ.મોરારીબાપુની રામકથા તા.૧ ઉથી ૨૧ મે દરમ્યાન યોજવા જઈ રહી છે જેમાં રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તરૂણો અને યુવાનોને વેકેશન પિરીયડ હોવાથી મોટી સંખ્યામાં રામકથાનો લાભ લેવા માટે અપીલ કરવામાં આવી છે.

આવનારી નવી પેઢી નવા ભારતનું નેતૃત્વ કરવાની હોઈ ત્યારે કથા શ્રવણ થકી વધુ તંદુરસ્ત અને સુસંસ્કૃત (રામ રાજ્ય) સમાજ નિર્માણમાં થાય તેવી અપેક્ષા સહજ રહે છે.

આ માટે શિક્ષક સંઘ રામકથાના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓના માતા-પિતાને પણ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. સાથે સાથે સ્વૈચ્છિક રીતે ખાનગી શાળાઓ/કોલેજો દ્વારા પણ વિદ્યાર્થીઓને રામકથા શ્રવણ માટે પ્રેરણા આપવા અપીલ કરવામાં આવી છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓ વેકેશન દરમ્યાન સમર કેમ્પમાં ભાગ લેતા હોય છે, તો આ રામકથાનો લાભ લેવાના નવા વિચારને સહકારની અપેક્ષા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ સાથે યોજાઈ રહેલા રાષ્ટ્રીય કક્ષાના પ્રાથમિક શિક્ષક સંઘ અધિવેશનમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વિશેષ ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન આપશે. મોરારીબાપુની રામકથા ગાંધીનગર ખાતે ત્રીજી વખત યોજાવા જઈ રહી છે. પૂજ્ય મોરારીબાપુ એક શિક્ષક, કથાકાર અને સાધુ-સંત તરીકે વિદ્યાર્થીઓને વિશેષ પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રધ્ધા-ભાવથી અપેક્ષા ધરાવતા શિક્ષક સંઘ વતી શ્રય અપીલ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરાઈ છે.